Seat No. : ______________

# FB-101

**February-2025**

**B.Com., Sem.-I (NEP)**

**Major-DSC-C-112A : Financial Accounting-II**

**Time : 2:00 Hours]** **[Max. Marks : 50**

1. અમદાવાદના હિરેનએ પોતાના એજન્ટ નડિયાદના ધીરેનને 1,000 ઘડિયાળ ₹ 120ની પડતર કિંમતે આડતથી વેચવા મોકલ્યાં. ભરતિયા કિંમત પર 25% નફો મળે તે રીતે ભરતિયા કિંમત નક્કી કરવામાં આવે છે. હિરેનએ માલ મોકલતાં વીમાના ₹ 1,500, ગાડીભાડાના ₹ 300 અને નૂરના ₹ 1,200 ચૂકવ્યા હતા. **10**

તા. 1-7-2023ના રોજ હિરેનએ ₹ 30,000ની ત્રણ માસની મુદતની એક હૂંડી ધીરેનને લખી જે તેણે સ્વીકારીને તુરંત પરત કરી, જે હિરેનએ તા. 4-8-2023ના રોજ વાર્ષિક 18%ના દરે બેન્કમાં વટાવી. ધીરેન 4% લેખે સામાન્ય આડત, 2% લેખે આસામી આડત અને નફામાં 1/6 ભાગ મેળવવા અધિકૃત છે.

તા. 31-3-24ના રોજ ધીરેનએ વેચાણ આંકડો અને તેની પાસેની લેણી રકમનો બેંક ડ્રાફ્ટ મોકલ્યો, જેમાં તેણે નોંધ્યું હતું કે –

(1) તેણે નૂર અને માલ છોડાવાના ₹ 3,000 અને જાહેરાત ખર્ચના ₹ 2,795 ચૂકવ્યા હતા.

(2) તેણે 25 ઘડિયાળ, દરેક ₹ 180ની કિંમતે અંગત ઉપયોગ માટે ખરીદી હતી.

(3) તેણે 175 ઘડિયાળ, દરેક ₹ 180ની કિંમતે રોકડેથી વેચી હતી.

(4) તેણે 100 ઘડિયાળ, દરેક ₹ 190ની કિંમતે નરેશને હિરેનની ભલામણથી વેચી હતી.

(5) તેણે 600 ઘડિયાળ, દરેક ₹ 200ની કિંમતે મહેશને ઉધાર વેચી હતી.

(6) વર્ષ દરમિયાન ધીરેનની દુકાનમાં આગ લાગી અને 20 ઘડિયાળ બળી ગઈ હતી અને વીમા કંપનીએ ₹ 1,800નો દાવો મંજૂર કર્યો હતો.

(7) મહેશ અને નરેશ બંને નાદાર જાહેર થવાથી તેમની પાસેથી લેણી રકમ પેટે આખરી ડિવિડન્ડ તરીકે રૂપિયે 60 પૈસા વસૂલ થઈ શક્યા હતા.

(8) નહીં વેચાયેલ ઘડિયાળ પૈકી 5 ઘડિયાળને નુકસાન થયેલ છે, જેને વેચાણ યોગ્ય બનાવવા કુલ ₹ 225નો મરામત ખર્ચ થવાનો અંદાજ છે.

ઉપરની વિગતો પરથી હિરેનના ચોપડે તૈયાર કરો :

(i) આડતમાલ ખાતું

(ii) આડતિયાનું ખાતું

**અથવા**

1. (A) સામાન્ય આડત અને આસામી આડત સમજાવો. **5**

(B) આડતિયાએ મોકલેલ વેચાણ આંકડા મુજબ : **5**

રોકડ વેચાણ : ₹ 1,00,000 છે. જ્યારે ઉધાર વેચાણ : ₹ 3,00,000 છે. ઉધાર વેચાણમાં માલધણીના કહેવાથી સોનુને ઉધાર વેચાણ ₹ 50,000નું કરેલ છે.

સોનુ નાદાર જાહેર થયો અને રૂપિયે ફક્ત 80 પૈસા મળી શક્યા. બાકીના ઉધાર વેચાણમાંથી ₹ 10,000 મળી શકે તેમ નથી.

આડતિયો સામાન્ય આડત 8% લેખે અને આસામી આડત 5% લેખે લેવા હકદાર છે.

ઉપરોક્ત વિગતો પરથી કમિશનની માલધણીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

2. અજય અને વિજય અનુક્રમે 3 : 4ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવાની શરતે સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓએ અનુક્રમે ₹ 1,86,000 અને ₹ 97,000 ભરીને બેન્કમાં એક સંયુક્ત ખાતું ખોલાવ્યું. **10**

તેમની વચ્ચે કરાર કરવામાં આવ્યો કે સંયુક્ત બેન્ક ખાતાનો ઉપયોગ ખરીદ-વેચાણ માટે કરવો, જ્યારે સંયુક્ત સાહસને લગતો ખર્ચ બંનેએ વ્યક્તિગત રીતે તેમના અંગત નાણાંમાંથી ચૂકવવો. વિજય સંયુક્ત સાહસના કુલ વેચાણ પર 3% લેખે કમિશન મેળવવા હકદાર છે.

તેઓના વ્યવહારો નીચે મુજબ હતા :

(1) અજયએ ₹ 1,72,800ની સ્ટ્રોબેરી ખરીદી. વિજયએ ₹ 97,200ના એલચી કેળાં ખરીદ્યાં.

(2) અજયએ નીચેના ખર્ચા ચૂકવ્યા :

ગાડીભાડા – ₹ 5,900

જકાત – ₹ 8,100

વહીવટી ખર્ચ – ₹ 5,400

(3) વિજયએ નીચેના ખર્ચા ચૂકવ્યા :

મજૂરી – ₹ 9,900

વીમો – ₹ 1,100

સેલ્સમેનનો પગાર – ₹ 8,900

(4) અજયએ 10% સિવાયની સ્ટ્રોબેરી પર ₹ 44,380નો નફો ઉમેરી વેચાણ કર્યું, જ્યારે બાકીની સ્ટ્રોબેરી ખરાબ થઈ જવાથી ફેંકી દેવી પડી.

(5) વિજયએ 90% એલચી કેળાં 35% નફો ઉમેરી વેચી દીધાં. જ્યારે બાકીનાં એલચી કેળાં પડતર કિંમતે વિજયએ લઈ લીધાં.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો :

(i) રાશ ખાતું

(ii) ભાગીદારોનાં મૂડી ખાતા

(iii) સંયુક્ત બેન્ક ખાતું

**અથવા**

2. (A) તફાવત સમજાવો – રાશ અને આડતમાલ **5**

(B) સીતા અને ગીતા 3:2ના પ્રમાણમાં નફો–નુકસાન વહેંચી લેતા એક સંયુક્ત સાહસના ભાગીદારો છે. સીતાએ ₹ 81,000નો માલ સંયુક્ત સાહસ માટે પૂરો પાડ્યો અને માલ મોકલતાં તેના પર ₹ 1,620 ગાડીભાડાના ચૂકવ્યા. **5**

ગીતાએ બધો જ માલ ₹ 1,08,180માં વેચી દીધો. સીતાને ચૂકવવાની થતી રકમ ગીતાએ ચૂકવીને ખાતું ચૂકતે કર્યું.

ગીતાના ચોપડામાં આમનોંધ લખો.

3. સુરતના હસમુખ સ્ટોર્સની વડોદરામાં એક શાખા છે. મુખ્ય ઑફિસ શાખાને મૂળ કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે અને મળેલી બધી જ રોકડ તે જ દિવસે બેન્ક ડ્રાફ્ટથી મુખ્ય ઑફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચા મુખ્ય ઑફિસેથી ચૂકવાય છે. પરંતુ પરચૂરણ ખર્ચની ચૂકવણી કરવા માટે પેટા રોકડ મુખ્ય ઑફિસ શાખાને મોકલી આપે છે. દર મહિનાની શરૂઆતમાં ₹ 300 પેટા રોકડ તરીકે મોકલાય છે. મુખ્ય ઑફિસના ચોપડામાંથી તા. 31-3-2024ના રોજ પૂરા થતા વર્ષની વડોદરા શાખાને લગતી નીચે મુજબની વિગતો પ્રાપ્ત થઈ છે : **10**

| **વિગત** | **તા. 01-04-2023 (₹)** | **તા. 31-03-2024 (₹)** |
|---|---|---|
| માલનો સ્ટૉક | 15,000 | 60,000 |
| દેવાદારો | 90,000 | 1,20,000 |
| પેટા રોકડ | 900 | 1,500 |
| ફર્નિચર | ? | 40,500 |
| અગાઉથી ચૂકવેલ વીમો | 600 | 450 |
| ચૂકવવાનો બાકી પગાર | 1,050 | 900 |

**વર્ષ દરમિયાનના વ્યવહારો :**

| **શાખાને ખર્ચ માટે મોકલેલ રોકડ :** | | **(₹)** |
|---|---|---|
| મજૂરી | – | 1,200 |
| ભાડું | – | 6,000 |
| પગાર | – | 9,000 |
| વીમો | – | 4,500 |
| જાહેરાત | – | 1,800 |
| રોકડ વેચાણ | – | 45,000 |
| શાખાને મોકલેલ માલ | – | 2,25,000 |
| શાખાએ પરત કરેલ માલ | – | 22,500 |
| દેવાદારોએ શાખાને પરત કરેલ માલ | – | 6,300 |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | – | 1,50,000 |
| અગાઉથી માંડી વાળેલ ઘાલખાધના મળ્યા | – | 1,500 |
| માંડી વાળેલ ઘાલખાધ | – | 450 |

ફર્નિચર પર 10% ઘસારો ગણાય છે.

ઉપરની વિગતો પરથી મુખ્ય ઑફિસના ચોપડામાં તૈયાર કરો :

(1) શાખા ખાતું

(2) શાખાનું વેપાર અને નફા-નુકસાન ખાતું

(3) પેટા રોકડ ખાતું

(4) શાખાના દેવાદારોનું ખાતું

**અથવા**

3. અમદાવાદના D ટ્રેડર્સની સુરતમાં એક સ્વતંત્ર શાખા છે. શાખાનું તા. 31-3-2024ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે : **10**

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| માલનો શરૂઆતનો સ્ટૉક | 35,000 | – |
| મુખ્ય ઑફિસેથી મળેલ માલ | 1,05,000 | – |
| મુખ્ય ઑફિસને પરત કરેલ માલ | – | 14,000 |
| મુખ્ય ઑફિસનું ખાતું | – | 1,05,000 |
| ખરીદી અને વેચાણ | 1,05,000 | 2,52,000 |
| માલ પરત | 14,000 | 7,000 |
| નૂર-જકાત | 7,000 | – |
| પગાર (તા. 28-2-2024 સુધી) | 15,400 | – |
| મજૂરી | 5,600 | – |
| દેવાદારો અને લેણદારો | 63,000 | 31,500 |
| 10%ની સરકારી જામીનગીરીઓ (તા. 1-10-2023ના રોજ ખરીદેલ, દાર્શનિક કિંમત ₹ 70,000) | 56,000 | – |
| રોકડ અને બેન્ક | 14,000 | 10,500 |
| **કુલ** | **4,20,000** | **4,20,000** |

**વધારાની માહિતી :**

(1) આખર માલના સ્ટૉકની કિંમત ₹ 42,000 છે.

(2) તા. 1-10-2023ના રોજ મુખ્ય ઑફિસ દ્વારા શાખાને ₹ 50,000ની કિંમતનું ફર્નિચર મોકલવામાં આવેલ છે. ફર્નિચરનું ખાતું મુખ્ય ઓફિસના ચોપડે રાખવામાં આવે છે. ફર્નિચર પર 10% લેખે વાર્ષિક ઘસારો ગણવામાં આવે છે.

(3) સુરત શાખાએ ₹ 25,000 મુખ્ય ઑફિસને તા. 28-3-2024ના રોજ મોકલેલ છે, જે મુખ્ય ઑફિસને તા. 2-4-2024ના રોજ મળ્યા હતાં.

ઉપરોક્ત માહિતીના આધારે સુરત શાખાના વાર્ષિક હિસાબો તથા મુખ્ય ઓફિસનું ખાતું તૈયાર કરો.

4. મનીષએ બાબુ ઓટો, પાટણ પાસેથી એક્ટિવા ભાડા ખરીદ પદ્ધતિથી તા. 1-1-2024ના રોજ ખરીદ્યું. એક્ટિવાની રોકડ કિંમત ₹ 40,000 હતી. **10**

ચૂકવણીની શરતો નીચે મુજબ છે :

| | | **(₹)** |
|---|---|---|
| તા. 1-1-2024 | – | 6,000 |
| તા. 31-12-2024 | – | 11,000 |
| તા. 31-12-2025 | – | 11,000 |
| તા. 31-12-2026 | – | 11,000 |
| તા. 31-12-2027 | – | 11,000 |

ઘટતી જતી બાકીની રીતે ઘસારો વાર્ષિક 10% લેખે ગણવાનો છે. મનીષના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો.

**અથવા**

4. (A) ભાડા ખરીદ પદ્ધતિથી માલની ખરીદી અને વેચાણના હિસાબો લખતી વખતે ઉદ્ભવતા મુદ્દાઓ ચર્ચો. **5**

(B) નીચેની માહિતી પરથી યંત્રની રોકડ કિંમત શોધો : **5**

કરાર વખતે ચૂકવ્યા ₹ 2,800, વ્યાજનો દર વાર્ષિક 10%, ચાર વાર્ષિક હપ્તાઓ અનુક્રમે ₹ 3,120, ₹ 2,480, ₹ 1,880 અને ₹ 1,320 ચૂકવ્યા.

5. બહુવિકલ્પીય પ્રશ્નો : (કોઈપણ **દસ**) **10**

(1) આડતમાલના હિસાબોમાં ઉદ્ભવતું અસામાન્ય નુકસાન કયા ખાતે ઉધારાય છે ?

(a) આડતિયા ખાતે (b) આડતમાલ ખાતે

(c) નફા-નુકસાન ખાતે (d) માલધણી ખાતે

(2) આસામી આડત :

(a) કુલ વેચાણ પર ગણાય (b) મોકલેલ કુલ માલ પર ગણાય

(c) ફક્ત ઉધાર વેચાણ પર ગણાય (d) ફક્ત રોકડ વેચાણ પર ગણાય

(3) આડતમાલના ધંધામાં ₹ 35,000ની કિંમતનું અસામાન્ય નુકસાન થયું, જેનો વીમા કંપનીએ 40% રકમનો દાવો મંજૂર કરેલ છે. આડતમાલ ખાતે કેટલી રકમ જમા થશે ?

(a) ₹ 14,000 (b) ₹ 17,500

(c) ₹ 35,000 (d) ₹ 21,000

(4) 'અ' અને 'બ' બંને ભાગીદારો રાશના ધંધામાં જોડાયા. 'બ' એ 'અ' ને ₹ 45,000 રોકડા આપ્યા. તો તે 'બ'ના ચોપડામાં કયા ખાતે નોંધાશે ?

(a) નોંધાશે નહીં (b) 'અ' ખાતે

(c) રાશ ખાતે (d) ખર્ચ ખાતે

(5) રાશના ધંધા માટે નીચેની પ્રવૃત્તિ અનુકૂળ છે :

(a) કાપડની દુકાન (b) નદી પરના પુલનું બાંધકામ

(c) એસીસી સિમેન્ટની એજન્સી (d) દવાની દુકાન

(6) ઈલેક્ટ્રોનિક વસ્તુઓના વેચાણના સંયુક્ત સાહસમાં, જો એક વસ્તુ ગ્રાહકને ભેટ આપવામાં આવે તો નીચેનું ખાતું ઉધાર થશે :

(a) સંયુક્ત સાહસ ખાતું (b) એકપણ ખાતું નહિ

(c) અસામાન્ય નુકસાન ખાતું (d) ન.-નુ. ખાતું

(7) પરતંત્ર શાખામાં સ્વતંત્ર શાખાની સરખામણીએ સત્તાનું વિકેન્દ્રીકરણ –

(a) ઓછું હોય છે. (b) સમાન હોય છે.

(c) વધુ હોય છે. (d) એકપણ નહીં.

(8) મુખ્ય ઑફિસ તેની શાખાને મૂળ કિંમત પર 25% ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે, તેથી નફો ભરતિયા કિંમતના _________ થાય.

(a) 20% (b) 25%

(c) 30% (d) 40%

(9) શાખાનો શરૂનો સ્ટૉક ₹ 50,000, વેચેલ માલની પડતર ₹ 2,50,000 અને આખર સ્ટૉક ₹ 75,000 હોય, તો મુખ્ય ઑફિસેથી મળેલ માલની કિંમત શોધો.

(a) ₹ 2,75,000 (b) ₹ 3,25,000

(c) ₹ 2,25,000 (d) ₹ 3,75,000

(10) મિલકતની રોકડ કિંમત + વ્યાજ = __________ કિંમત.

(a) ઘસારા બાદ (b) ખરીદ

(c) બજાર (d) કરાર

(11) એક ભાડે ખરીદ કરારમાં ડાઉન પેમેન્ટ ₹ 25,000 અને એકસરખી રકમના વ્યાજ સહિતના ત્રણ હપ્તાની કુલ રકમ ₹ 90,000 હોય, જેમાં વ્યાજ ₹ 15,000 સમાયેલ હોય તો મિલકતની રોકડ કિંમત કેટલી ?

(a) ₹ 90,000 (b) ₹ 1,30,000

(c) ₹ 1,15,000 (d) ₹ 1,00,000

(12) કુલ ચૂકવવાપાત્ર રકમ અને રોકડ કિંમતનો તફાવત ________ છે.

(a) ઘસારો (b) કરાર સમયે ચૂકવવાની રકમ

(c) ખરીદ કિંમત (d) વ્યાજ

Seat No. : _______________

# FB-101

**February-2025**

**B.Com., Sem.-I (NEP)**

**Major-DSC-C-112A : Financial Accounting-II**

**Time : 2:00 Hours]** **[Max. Marks : 50**

1. Hiren of Ahmedabad consigned 1,000 clocks to his agent Dhiren of Nadiad at a cost price of ₹ 120 each. The invoice price was decided after adding 25% profit on invoice price. Hiren paid ₹ 1,500 for Insurance, ₹ 300 for Carriage and ₹ 1,200 for Freight while sending the goods. **10**

   On 1-7-2023, Hiren drew a bill of ₹ 30,000 for 3 months on Dhiren, which was immediately returned by him duly accepted. Hiren discounted the bill in a bank on 4-8-2023 at 18% discount per annum. Dhiren is entitled to get 4% general commission, 2% del-credere commission and $1/6^{th}$ share in profit.

   On 31-3-24, Dhiren sent an account sale and bank draft for the amount due from him. According to the account sale

   (1) He paid ₹ 3,000 for Freight and Clearing charges and ₹ 2,795 for Advertisement.

   (2) He purchased 25 clocks at ₹ 180 each for his personal use.

   (3) He sold 175 clocks at ₹ 180 each for cash.

   (4) He sold 100 clocks at ₹ 190 each to Naresh on recommendation of Hiren.

   (5) He sold 600 clocks at ₹ 200 each to Mahesh on credit.

   (6) During the year, fire took place in Dhiren's shop and 20 clocks were burnt and insurance company accepted a claim of ₹ 1,800.

   (7) Mahesh and Naresh both were declared insolvent and 60 paise per rupee could be recovered from them as final dividend.

   (8) Out of unsold clocks, 5 clocks were in damaged condition and ₹ 225 was estimated as a total repairing expense to make them saleable.

   From the above particulars, prepare in the books of Hiren :

   (i) Consignment A/c

   (ii) Consignee A/c

**OR**

1. (A) Explain General Commission and Del-credere Commission. **5**

(B) Followings are the details of Sales in consignment business : **5**

Cash Sales : ₹ 1,00,000

Credit Sales : ₹ 3,00,000 (including credit sales to Sonu ₹ 50,000 on recommendation of Consignor).

Sonu is declared insolvent and only 80 paise in a rupee is recovered. From the balance credit sales, ₹ 10,000 is unrecoverable.

Consignee is entitled to 8% normal commission and 5% del-credere commission.

Pass necessary journal entries for Commission in the books of Consignor.

2. Ajay and Vijay entered into joint venture sharing profits and losses in the ratio of 3 : 4. They deposited ₹ 1,86,000 and ₹ 97,000 respectively into their joint bank account. **10**

They agreed to use joint bank account for purchase and sales, while joint venture expenses should be paid by each partner out of their private funds. Vijay is to get 3% commission on total sales of venture.

Their transactions were as under :

(1) Ajay purchased Strawberry of ₹ 1,72,800. Vijay purchased Elaichi banana of ₹ 97,200.

(2) Ajay paid following expenses :

Cartage – ₹ 5,900, Octroi – ₹ 8,100, Administrative expenses – ₹ 5,400

(3) Vijay paid following expenses :

Wages – ₹ 9,900, Insurance – ₹ 1,100, Salesman salary - ₹ 8,900

(4) Ajay sold Strawberry except 10% by adding profit ₹ 44,380, while balance of Strawberry has not been in saleable condition, so it has been properly disposed off.

(5) Vijay sold 90% of Elaichi banana by adding 35% profit. While remaining Elaichi banana were purchased by Vijay at cost price.

From the above particulars prepare :

(i) Joint Venture Account

(ii) Capital Accounts of partners

(iii) Joint Bank Account

**OR**

2. (A) Explain the difference between Joint Venture and Consignment. **5**

(B) Sita and Gita are partners in a joint venture sharing profit and losses in the proportion of 3:2 respectively. Sita supplied goods of ₹ 81,000 for joint venture and paid ₹ 1,620 for carriage on goods supplied. **5**

Gita sold all goods and realised ₹ 1,08,180. Gita paid the amount due to Sita and settled the account. Write Journal entries in the books of Gita.

3. Hasmukh Stores of Surat has a branch in Vadodara. H.O. sent goods at cost price to the branch. Branch sells the goods on cash as well as credit and sends all the cash to H.O. by bank draft on the same day. H.O. pays all the expesnes of branch and sends petty cash for the miscellaneous expenses of ₹ 300 at the beginning of every month. The following details related to the Vadodara Branch for the year ending on 31-3-2024 are obtained from the books of H.O. : **10**

| **Particulars** | **01-04-2023** | **31-03-2024** |
|---|---|---|
| | **(₹)** | **(₹)** |
| Stock | 15,000 | 60,000 |
| Debtors | 90,000 | 1,20,000 |
| Petty Cash | 900 | 1,500 |
| Furniture | ? | 40,500 |
| Prepaid Insurance | 600 | 450 |
| Unpaid Salary | 1,050 | 900 |

**Transaction during the year :**

| **Cash sent to branch for expenses :** | | **(₹)** |
|---|---|---|
| Labour | – | 1,200 |
| Rent | – | 6,000 |
| Salary | – | 9,000 |
| Insurance | – | 4,500 |
| Advertisement | – | 1,800 |
| Cash Sales | – | 45,000 |
| Goods sent to branch | – | 2,25,000 |
| Goods returned by branch | – | 22,500 |
| Goods returned by debtors | – | 6,300 |
| Cash received from debtors | – | 1,50,000 |
| Bad debts recovered | – | 1,500 |
| Bad debts | – | 450 |

10% Depreciation is charged on furniture.

Prepare in the books of H.O. :

(1) Branch Account

(2) Branch's Trading A/c and Profit & Loss Account

(3) Petty Cash Account

(4) Debtors Account

**OR**

3. D Traders of Ahmedabad has an independent branch at Surat. Following is the trial balance of the branch as on 31-3-2024 : **10**

| **Particulars** | **Debit (₹)** | **Credit (₹)** |
|---|---|---|
| Opening stock of goods | 35,000 | – |
| Goods received from H.O. | 1,05,000 | – |
| Goods returned to H.O. | – | 14,000 |
| Head Office A/c | – | 1,05,000 |
| Purchases and Sales | 1,05,000 | 2,52,000 |
| Goods returned | 14,000 | 7,000 |
| Freight and Octroi | 7,000 | – |
| Salaries (upto 28-2-2024) | 15,400 | – |
| Wages | 5,600 | – |
| Debtors and Creditors | 63,000 | 31,500 |
| 10% Govt. Securities (1-10-2023) | | |
| (Face value ₹ 70,000) | 56,000 | – |
| Cash and Bank | 14,000 | 10,500 |
| **Total** | **4,20,000** | **4,20,000** |

**Additional Information :**

(1) The closing stock of goods is valued at ₹ 42,000.

(2) On 1-10-2023, H.O. has sent furniture worth ₹ 50,000 to branch, the account of which is maintained in the books of H.O. Depreciation is provided on furniture at 10% p.a.

(3) A remittance of ₹ 25,000 was made by Surat branch to H.O. on 28$^{th}$ March, 2024, but the same was received by H.O. on 2$^{nd}$ April, 2024.

From the above details, prepare Final Accounts of Surat Branch and Head Office Account.

4. Manish purchased Activa from Babu Auto, Patan on hire purchase agreement on 1-1-2024. The cash price of Activa was ₹ 40,000. **10**

Payments were to be made as under :

| | | **(₹)** |
|---|---|---|
| On 1-1-2024 | – | 6,000 |
| On 31-12-2024 | – | 11,000 |
| On 31-12-2025 | – | 11,000 |
| On 31-12-2026 | – | 11,000 |
| On 31-12-2027 | – | 11,000 |

Depreciation had to be written off at 10% p.a.

Give the necessary ledger accounts in the books of Manish.

**OR**

4. (A) Discuss important points arising in case of goods sold and purchased on Hire purchase system. **5**

(B) Calculate the cash price of the machinery from the following information : **5**

Paid ₹ 2,800 at the time of contract.

Four annual instalments were paid respectively ₹ 3,120, ₹ 2,480, ₹ 1,880 and ₹ 1,320. Rate of interest 10% p.a.

5. Multiple Choice Questions : (Any **Ten**) **10**

(1) In consignment accounts, abnormal loss is debited to –

(a) Consignee Account (b) Consignment Account

(c) Profit and Loss Account (d) Principal's Account

(2) Del-credere commission is calculated on the

(a) Total sales (b) Total goods sent

(c) Only credit sales (d) Only cash sales

(3) The abnormal loss of ₹ 35,000 occurred in consignment business. The insurance company accepted 40% claim. What amount will be credited to Consignment Account ?

(a) ₹ 14,000 (b) ₹ 17,500

(c) ₹ 35,000 (d) ₹ 21,000

(4) 'A' and 'B' entered into a Joint Venture. 'B' gives ₹ 45,000 cash to 'A'. To which account this transaction will be recorded in the books of 'B' ?

(a) No entry (b) A's Account

(c) Joint Venture A/c (d) Expense account

(5) Following activity is appropriate for Joint Venture business :

(a) Cloth Shop (b) Construction of a river bridge

(c) ACC Cement Agency (d) Medical Store

(6) In a joint venture of selling electronic items, if one item is given as a gift to a customer, the following account is debited –

(a) Joint Venture A/c (b) No Account

(c) Abnormal Loss A/c (d) P & L A/c

(7) Decentralisation of Authority in dependent branch in comparison to independent branch is

(a) Less (b) Equal

(c) More (d) None of these

(8) Head Office sends goods to its branch at invoice price after adding 25% on cost price. So, profit would be _________ of invoice price.

(a) 20% (b) 25%

(c) 30% (d) 40%

(9) Opening stock of branch is ₹ 50,000, Cost of goods sold is ₹ 2,50,000 and Closing stock is ₹ 75,000. Find the amount of goods received from head office.

(a) ₹ 2,75,000 (b) ₹ 3,25,000

(c) ₹ 2,25,000 (d) ₹ 3,75,000

(10) Cash price of asset + Interest = ___________ Price.

(a) After depreciation (b) Purchase

(c) Market (d) Contract

(11) According to hire purchase agreement ₹ 25,000 is the down payment and ₹ 90,000 is the total amount of three equal instalments inclusive of interest ₹ 15,000. How much would be the cash price of the asset ?

(a) ₹ 90,000 (b) ₹ 1,30,000

(c) ₹ 1,15,000 (d) ₹ 1,00,000

(12) The difference between total amount payable and cash price is

(a) Depreciation (b) Down Payment

(c) Purchase Price (d) Interest